# સમી સાંજે વરસાદી રમઝટમાં નગર થયું તરબતર...!!!

## દિવસ દરમિયાનનો ઉકળાટ સાંજે વરસાદમાં પરિણમ્યો : પોણા ઈંચ વરસાદે ભાદરવાના તાપમાં રાહત પુરી પાડી



ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં આજે સમી સાંજે વરસેલા વરસાદે સમગ્ર શહેરને ફરી એકવાર પ્રસન્નતાથી રસ તરબોળ કરી દીધું હતું. સવારથી વાતાવરણમાં સર્જાયેલ ઉકળાટથી અકળાયેલા નગરજનો સાંજે અચાનક જામેલી વરસાદી રમઝટથી ગેલમાં આવી ગયા હતા. થોડી વાર માટે વરસેલા આ વરસાદમાં માત્ર ૧૯ મીમી વરસાદ નોંધાયો હતો પરંતુ તેના થકી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી.

છેલ્લા એક સપ્તાહથી શહેરમાં ભાદરવો તપવા લાગ્યો હતો અને દિવસે વરાપના તાપ અને રાત્રે ઠંડીના કારણે શહેરીજનોને બેવડી ઋતુ સહન કરવી પડી રહી હતી જેના કારણે શહેરમાં ઋતુજન્ય બિમારીઓનું પ્રમાણ પણ ખૂબ વધી જવા પામ્યું છે. ભાદરવાના આકરા તાપથી ત્રસ્ત થઈ રહેલા નાગરિકો તેમજ ખેંચાયેલા વરસાદને કારણે ખેડૂતો પણ પરેશાન હતા ત્યારે આજે અચાનક સાંજે વરસાદી માહોલ સર્જાતા સર્વત્ર ખુશીની લહેર જોવા મળી હતી. વરસાદી ઝાપટાની શરૂઆત થતા જ શનિવારની રજાના માહોલમાં એકાએક ચહલપહલ જેવું જણાયું હતું અને અનેક યુવાનો તેમના વાહનો લઈ વરસાદને માણવા શહેરના માર્ગો પર નીકળી પડયા હતા. સાંજના સમયે અચાનક આકાશમાં કાળા ડીબાંગ વાદળો ધસી આવ્યા હતા અને તેજ ગતિથી પવન ફુંકાવા લાગ્યો હતો. આ સાથે પહેલા ધીમા છાંટાથી શરૂ થઈને પછી ઝાપટામાં વરસાદ પરિવર્તિત થયો હતો અને જોત જોતામાં સમગ્ર પાટનગરને તરબતર કરી મુકયું હતું.




## વ્યસન અને ભ્રષ્ટાચારનો ત્યાગ કરો : આચાર્ય સુનીલ સાગરજી

ગાંધીનગર, તા. ૨૨ઈ

ત્યાગ જ પરમ ધર્મ છે. ત્યાગ જ સૌથી મોટુ તપ છે. મહાવીર કહે છે ત્યાગ રૂપી તપ કરો. સ્વાર્થનો ત્યાગ કરી સમાજ/પરિવાર માટે જીવવું તે તપ છે. પોતાની વસ્તુઓ પણ બીજાની સેવા માટે વાપરે છે તે ત્યાગી છે. દાન અને ત્યાગમાં ફરક છે. તીર્થકરોએ રાજ્યનો ત્યાગ કર્યો હતો.



દાનમાં આપવાવાળા અને લેવાવાળા એમ બે વ્યક્તિની જરૂર પડે છે. ત્યાગમાં કોઈની જરૂર નથી પડતી. ત્યાગમાં છોડ્યુ તે છોડ્યું. દાન લગભગ સારી વસ્તુનું થાય છે. દા. ત. જમીન, પૈસા, કપડાં વગેરે. સમાજમાં સંતુલનની જરૂર છે. ગરીબો અને અમીરો વચ્ચેનું અંતર ઘટાડવું પડશે. સબકો સન્મતિ દે ભગવાન. પૈસાનો ત્યાગ કરો. મહાવીર સ્વામી તો ત્યાગની જ વાત કરે છે. વ્યસનનો ત્યાગ કરવો જોઈએ, ભ્રષ્ટાચારનો ત્યાગ કરવો જોઈએ. તેવુ આચાર્ય સુનીલસાગરજી મહારાજે જણાવ્યું હતું.

## આજે આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી આરોગ્ય યોજનાનો રાષ્ટ્રવ્યાપી આરંભ

### રાજ્યની ૧૭૦૦થી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં સારવાર પૂરી પડાશે

ગાંધીનગર, તા. ૨૨

નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, દેશના કરોડો નાગરિકોને ઉચ્ચ પ્રકારની મોંઘી સારવાર વિનામુલ્યે પુરી પાડવા માટે ભારત સરકાર દ્વારા આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જાહેર કરાઈ છે. જેનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ આવતી કાલ તા.૨૩મી સપ્ટેમ્બરે ઝારખંડના રાંચીથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરાશે. ગુજરાતમાં પણ આ યોજનાનો રાજ્યવ્યાપી શુભારંભ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતેથી થશે. જિલ્લા મથકોએ રાજ્યમંત્રી મંડળના સભ્યો આ યોજનાનો શુભારંભ કરાવશે.

**નાના મોટા કોઈપણ રોગ સામે વાર્ષિક રૂપિયા ૫ લાખની મર્યાદામાં સારવાર પૂરી પડાશે : ૬૦ ટકા કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા રાજ્ય સરકાર ખર્ચ ભોગવશે**

નાયબ મુખ્યમંત્રી પટેલે આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે, આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રાજ્યના ૪૪ લાખથી વધુ પરિવારના ૨.૨૫ કરોડ નાગરિકોને ૧૦૦ ટકા સરકારી ખર્ચે સારવાર પુરી પડાશે. નાના મોટા રોગોમાં વાર્ષિક રૂ.૫.૦૦ લાખની મર્યાદામાં આ યોજના હેઠળ નોંધાયેલા પરિવારોને સારવાર પુરી પાડવામાં આવશે. જે હેઠળ પ્રાથમિક, સેકન્ડરી અને ટર્શરી સારવાર માટે પેકેજ નિયત કરી પેકેજના દર મુજબ સારવાર પુરી પડાશે. રાજ્યભરની ૧૭૦૦થી વધુ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં આ યોજના હેઠળ સારવાર પ્રાપ્ત થશે. તમામ હોસ્પિટલોમાં પ્રધાનમંત્રી આયુષ્યમાન મિત્ર ઉપલબ્ધ થશે. જે લાભાર્થીને સારવાર સમયે માર્ગદર્શન આપશે અને આ હોસ્પિટલોમાં આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ સારવાર અંગેનું બોર્ડ લગાવાશે.

પટેલે ઉમેર્યું કે, આ યોજના હેઠળ ૬૦ ટકા ખર્ચ કેન્દ્ર સરકાર અને ૪૦ ટકા ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧-૧૨માં હાથ ધરાયેલ સામાજિક-આર્થિક સર્વેક્ષણ મુજબ ગુજરાતમાં ૨.૨૫ કરોડ નાગરિકોને લાભ મળવાનો છે તેનો સંપુર્ણ ડેટા તૈયાર થઈ ગયો છે. આ પરિવારના નાગરિકોને નાના તથા ગંભીર રોગ સામે સારવાર પૂરી પડાશે. જેમા ૫૦ હજાર સુધીના સારવારનો ખર્ચ વીમા કંપનીઓ દ્વારા હોસ્પિટલોને ચુકવાશે. જે માટે રાજ્ય સરકાર દ્વારા વીમા કંપનીને રૂ.૧૬૧ કરોડ ચુકવાશે. જ્યારે રૂપિયા ૫૦ હજારથી વધુ સારવારનો ખર્ચ થશે તો મા વાત્સલ્ય યોજના મુજબ હોસ્પિટલના બિલની ચકાસણી કરીને ચુકવાશે. આ સેવાઓ માટે કોઈપણ નાગરિકે એક પણ રૂપિયો રોકડ સ્વરૂપે કોઈ પણ હોસ્પિટલમાં ચુકવવાનો રહેશે નહીં.

તેમણે ઉમેર્યું કે, આ યોજનાનું અમલીકરણ રાજ્યકક્ષાએ ગુજરાત હેલ્થ પ્રોટેક્શન સોસાયટી દ્વારા કરવામાં આવશે. જે હેઠળ સ્ટેટ હેલ્થ એજન્સીની રચના કરવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા માટે લાભાર્થીનું નામ અને તેમના કુંટુંબના સભ્યોનું નામ નિયત માપદંડ ધરાવતાં સામાજિક-આર્થિક અને જાતિ આધારિત સર્વેક્ષણ ૨૦૧૧ની યાદીમાં હોવું જરૂરી છે. લાભાર્થીએ આધારકાર્ડ, ઈ-કાર્ડ, 'મા' અથવા 'મા-વાત્સલ્ય'કાર્ડમાંથી કોઈપણ એક કાર્ડ અને રાશનકાર્ડ સાથે રાખવાનું રહેશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં દબાણ હટાવવાની કાર્યવાહી તથા વેપારીઓને ફટકારાયેલ નોટીસોના પગલે વેપારીઓએ જાતે પોતાની દુકાનોના શટરો ઉતારી લેવાની તથા દુકાનનો માલ-સામાન હટાવવાની કામગીરી હાથ ધરી છે.

● શહેરના ગ-૧ થી ગ-૨ વચ્ચેના ઈન્ટર સેકટર-ક્રોસ રોડ પાસે એક સ્કૂટર ચાલક યુવતીને રસ્તામાં કુતરૂ આવી જવાથી અકસ્માત નડ્યો હતો. સદ્ભાગ્યે આ અકસ્માતમાં યુવતિને અને તેના સ્કૂટરને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● શહેરમાં નવરાત્રી ઢૂકડી આવતા સેકટરોમાં શેરી-ગરબાના આયોજન માટે નવરાત્રી સમિતિઓનો મિટિંગોનો દૌર પ્રારંભ થઈ ગયો છે.




માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી
ભારત

सत्यमेव जयते
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
આયુષ્માન ભારત
PM-JAY

# આયુષ્માન ભારત
# પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
# (PM-JAY)



માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી
ગુજરાત

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ્ હસ્તે**
**તા. ૨૩-૯-૨૦૧૮ના રોજથી સમગ્ર દેશભરમાં શુભારંભ**

**રાજ્યના ૪૪ લાખથી વધારે પરિવારના ૨.૨૫ કરોડ નાગરિકોને સામાન્ય બિમારીથી માંડીને ગંભીર બિમારી સહિત તમામ પ્રકારની સારવાર, ઓપરેશન વગેરે ૧૦૦% સરકારી ખર્ચે, ગરીબ અને મધ્યમવર્ગના નાગરિકો માટેની પરિવાર દીઠ વાર્ષિક રૂા. ૫ લાખ સુધીની સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવતી યોજના**

:: ઉદ્ઘાટન સમારોહ ::

તા. ૨૩-૯-૨૦૧૮ ● સમય : સવારે ૧૧.૩૦ કલાકે
સ્થળ : સિવીલ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ

ઉક્ત ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહેવા જાહેર જનતાને ભાવભીનું નિમંત્રણ છે

**સંવેદનશીલ સરકારની માનવતાલક્ષી યોજના એટલે 'આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના'**
**- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી, ગુજરાત**